# <u>અહેવાલ લેખન</u>

તા.07/09/2021
મંગળવાર

**વિષય : મક્તબા જાફરીયા નોલેજ એન્ડ રીસર્ચ એકડમી કેમ્પસ મુલાકાત બાબતે..**

આજ રોજ હાજી એચ.આઈ.કડીવાલા જાફરી હાયર સેકન્ડરી સ્કૂલ (ગુ.મા.)માં વર્ષ 2021-22 અંતર્ગત ધોરણ-11 માં આવેલ નવા વિદ્યાર્થીઓને મક્તબા જાફરીયા નોલેજ એન્ડ રીસર્ચ અકેડમી સંસ્થામાં આવેલા તમામ વિભાગો (શૈક્ષણિક - બિન શૈક્ષણિક) થી માહિતગાર થાય તે માટે કેમ્પસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના વિવિધ વિભાગો જેમાં એકાઉન્ટ ઓફીસ, એચ.આર.ઓફીસ, જાફરી પ્રિ-પ્રાયમરી તેમજ પ્રાયમરી સ્કૂલ (બોસ્તાને તિફલાન) જ્યાં શાળા સ્ટાફે વિદ્યાર્થીઓને બિલ્ડીંગની મુલાકાત કરાવી હતી અને આચાર્ય મેડમ દ્વારા તેમને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ત્યાંથી માધ્યમિક વિભાગ, ઉચ્ચતર માધ્યમિક વિભાગ (આર્ટસ, કોમર્સ, સાયન્સ), કોલેજ વિભાગ સાયન્સ, કેમ્પસ ડાયરેક્ટર ઓફીસ, બી.એ., બી.કોમ. કોલેજ, બી.સી.એ. કોલેજ, સ્ટેશનરી વિભાગ, કેન્ટીન, લિબરલ સ્ટડી બિલ્ડીંગ, બોયઝ ડાયનીંગ હોલ, હોસ્ટેલ, સ્પોર્ટ્સ સંકુલ, એ.વી.એમ. ઓફીસ, આઈ.ટી.આઈ., બોટની ગાર્ડન, એચ.એમ.વિભાગ, ગર્લ્સ હોસ્ટેલ તેમજ સ્ટાફ ક્વાટર્સથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. મુલાકાતનો આશય વિદ્યાર્થીઓને સંસ્થાથી માહિતગાર કરવાનો હતો. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વર્ગ શિક્ષક તેમજ શિક્ષકમિત્રો જોડાયા હતા. આ સાથે જ વિદ્યાર્થીઓને સંસ્થાની અંદર આવેલ વિભાગો અને તેમની પ્રવૃત્તિથી વાકેફ કરીને ભવિષ્યમાં વિદ્યાર્થીઓને કયા વિભાગમાં જવું તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુલાકાતમાં કુલ 100 વિદ્યાર્થીઓ તેમજ 06 શિક્ષકમિત્રો જોડાયા હતા. સંલગ્ન સંસ્થા પૈકી હોસ્પિટલ અને મેહર લાયબ્રેરીની રૂબરૂ મુલાકાત થઇ શકી ન હતી પરંતુ વિદ્યાર્થીઓને એમના વિષે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## ફોટો ગેલરી



